" સાફલ્યગાથા "

તા.૧૯/૦૯/૨૦૧૬ થી તા.૨૫/૦૯/૨૦૧૬

**મુદ્દા નંબર (૧) જો જિલ્લા કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય, કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોય.**

- ❖ ગુમ થયેલ બાળકોના ફોટાઓ પ્રસિધ્ધ કરવા, મુળ સરનામે મીસીંગ સેલની ટીમો મોકલી વધુમાં વધુ ગુમ થયેલ વ્યકિત/બાળકો શોધી કાઢવા પ્રયત્નો ચાલુ છે.
- ❖ ગુમ થયેલ વ્યકિત/બાળકો ના ફોટાઓ જિલ્લાની " સેતુ " એપ્લીકેશન ઉપર અપલોડ કરી બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવે છે.
- ❖ ગુમ થયેલ બાળકોને શોધવા વેબસાઇટ http://trackthemissingchild.gov.in/missing/ index.php ઉપર ગુમ થયેલા અને પરત મળેલ બાળકોની ઓનલાઇન એન્ટ્રી કરવામાં આવે છે.
- ❖ કામરેજ પો.સ્ટે. ગુમ જાણવા જોગ નં.૪૧/૨૦૧૬ ના કામે ગુમ થનાર –જેમીનીકુમારી D/O અશોકભાઇ દેવાભાઇ વહીયા ઉ.વ.૧૯ રહે,ઉભેળ તા.કામરેજનાની તા.૨૩/૦૯/૧૬ના રોજ પરત મળેલ છે.
- ❖ કામરેજ પો.સ્ટે ગુમ જાણવા જોગ નં ૫૪/૧૫ ના કામે ગુમ થનાર હેતલબેન W/O રજનીભાઇ ઝડફીયા ઉ.વ.૨૩ રહે,કામરેજ પો.સ્ટે ગુમ જાણવા જોગ નં.૫૪/૧૫ ગુમ થનાર હેતલબેન W/O રજનીભાઇ ઝડફીયા ઉ.વ.૨૩ રહે,સમ્રુધ્ધિ પાર્ક સોસા.કામરેજ ચાર રસ્તા તા.કામરેજનાની તા.૨૩/૦૯/૨૦૧૬ ના રોજ પરત મળેલ છે.
- ❖ કામરેજ પો.સ્ટે ગુમ જાણવા જોગ નં૦૯/૧૬ પીંકીબેન D/O અરંવિદભાઇ કામડે ઉ.વ.૨૦ રહે,
- ❖ કામરેજ પો.સ્ટે ગુમ જાણવા જોગ નં૦૯/૧૬ પીકીંબેન D/O અરંવિદભાઇ કામડે ઉ.વ.૨૦ આબોલી જનનીધામ આશ્રમ તા.કામરેજ નાની તા.૨૩/૦૯/૧૬ના રોજ પરત મળેલ છે.
- ❖ બારડોલી પો.સ્ટે ગુમ જાણવા જોગ નં.૧૮/૧૬ પુજીયાભાઇ ગુરજીભાઇ ગામીત ઉ.વ.૭૦ રહે.સેજવાડ તા.બારડોલીનાનો તા.૨૨/૦૯/૧૬ના રોજ પરત મળેલ છે.
- ❖ કામરેજ ગુમ જાણવા જોગ નં ૫૨/૧૬ કિરણબેન કિશોરભાઇ મિસ્ત્રી ઉ.વ.૨૭ રહે. કામરેજ અંજની રો-હાઉસ નાની તા.૨૨/૦૯/૨૦૧૬ ના રોજ પરત મળેલ છે.
- ❖ કડોદરા જી.આઇ.ડી.સી. I ગુ.ર.નં. ૯૪/૧૬ IPC 363,366 ના કામે અપહરણ થનાર સોનલબેન D/O વિજયભાઇ દામુભાઇ માળી ઉ.વ.૧૭ ચલથાણ વિજયનગરનાની તા.૨૩/૦૯/૧૬ના રોજ પરત મળેલ છે.

## જિલ્લામાં બનેલ વિવિધ ગુનાઓમાં પકડી પાડેલ આરોપીની માહિતી

- ❖ મહુવા પો.સ્ટે.I 72/2016 IPC 420, 511, 34 મુજબના ગુનાના કામે આરોપી આશિષભાઇ સંતોષભાઇ પરદેશી રહે. વ્યારા નવી વસાહત હનુમાન ગલી કાનપુરા તા.વ્યારા જી.તાપી નાને આજરોજ તા.૨૩/૦૯/૨૦૧૬ ના ક્લાક ૨૨/૩૦ વાગે અટક કરેલ છે. મજકુર ઇસમને નક્લી સોનું વેચવાના ગુનામાં અટક કરેલ છે.
- ❖ કડોદરા GIDC પો.સ્ટે. I ગુ.ર.નં.૯૫/ ૨૦૧૬ ઈ.પી.કો. કલમ-૩૦૨ મુજબ ના ગુનાના કામે (૧) સપ્તર્ષિ ઉર્ફે રાજન ઉવ.૨૫ રહે.કડોદરા,(૨) સુમીતકુમાર મનોજકુમાર રાય ઉવ.૨૦, રહે.કડોદરા (૩) રાજેશ શાલીગ્રામ ઉપાધ્યાય ઉવ.૩૪ રહે.કડોદરા (૪) મહેશ મનજીભાઇ વાલ્મીકી ઉવ.૨૦ રહે.અંજલી સોસાયટી, પુણા ગામ, સુરત શહેર નાઓને તા.૨૩/૦૯/૨૦૧૬ ના રોજ કલાક વાગે અટક કરેલ છે.



### કાળુની જ સોસાયટીમાં રહેતા યુવકે દેવુ વધી જતાં કાવતરું ઘડ્યું, બિયર લેવાના બહાને બોલાવ્યો હતો

# કડોદરાના જમીનદલાલની હત્યામાં ત્રણ ઝડપાયા

## હત્યાને અંજામ આપનાર ત્રણ અને લૂંટનો મુદ્દામાલ ખરીદનાર એક આરોપીની ધરપકડ

ભાસ્કરન્યૂઝ | બારડોલી

પલસાણા તાલુકાના નિયોલથી મોહણી જતા રોડ ઉપર નિયોલ ગામની સીમમાં ગુરુવારના રોજ કડોદરાના યુવાનની હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવવાના પ્રકરણમાં ગણતરીના કલાકોમાં સુરત જિલ્લા એલસીબી પોલીસે હત્યામાં સંડોવાયેલા ચાર આરોપીની ધરપકડ કરી છે. જે પૈકી ત્રણે હત્યાના ગુનાને અંજામ આપ્યો હતો. જ્યારે ચોથાએ હત્યા કર્યા બાદ યુવાનના લૂંટાયેલા દાગીનાની ખરીદ્યા હતાં. હત્યા પાછળનું કારણ એક આરોપીનું દેવુ વધી જતાં રૂપિયા મેળવવાની લાલચે યુવાનની હત્યા કરી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

પલસાણા તાલુકાના કડોદરાની મહાલક્ષ્મી સોસયાટીમાં રહેતા મૂળ રાજસ્થાનના વતની પ્રકાશ ઉર્ફે કાળુ ગોપીલાલ કલાલ (37)નાઓ જમીન દલાલી, ગેસ રિફલિંગ તેમજ બિલ્ડિંગનો દેખરેખનો વહીવટ કરતાં હતાં. ગત બુધવારના રોજ પોતાની આઈટેન કાર (GJ-19AF-336) લઈને ગાયબ થઈ ગયા હતાં. ત્યારબાદ ગુરુવારે સવારે તેમનો મૃતદેહ પલસાણા તાલુકાના નિયોલ ગામની સીમમાં નિયોલથી મોહણી જતા રોડ ઉપર મળી આવ્યો હતો. કાળુની હત્યા કરવામાં આવી હતી. ગળાના ભાગે તિક્ષ્ણ હથિયારથી ઈજા કરવામાં આવી હતી અને ગળુ દબાવવાની કોશીશ કરવામાં આવી હોવાનું જણાયું હતું. કડોદરા જીઆઈડીસીમાં હત્યાનો ગુનો નોંધાતા સુરત જિલ્લા પોલીસવડા નિર્લિપ્ત રાય નાઓએ સુરત જિલ્લા એલસીબી પીઆઈ એલ. બી. ડાભીને પોલીસ અલગ અલગ ટીમો બનાવી હત્યાના ગુના બાબતે તપાસ કરવાની સૂચના આપતાં પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે એક હત્યાના ગુનામાં સંડોવાયેલા ત્રણ વ્યક્તિઓ હિરોહોન્ડા સ્પ્લેન્ડર મોટરસાઈકલ (GJ-19L-9746) ઉપર બેસીને કડોદરા નુરી મીડિયાની પાછળ આવેલ પ્રિયંકા ગ્રીન સીટમાં આવનાર છે. તેવી ચોક્કસ બાતમીને આધારે નુરીમીડિયાની પાછળ આવેલ પ્રિયંકા ગ્રીન સોસાયટીમાં સુરત જિલ્લા એલસીબી પીઆઈ એલ. બી. ડાભી, પીએસઆઈ, પી. એન. પઢીયાર, પોકો. કેતન, કિરણસિંહ, દીપક, રોહિત, દિનેશ તેમજ જગદીશ અને દીપક પરભણે નાઓએ અલગ અલગ ટીમ બનાવી વોચમાં હતાં ત્યારે મોટરસાઈકલ ઉપર આવેલા ત્રણ વ્યક્તિ સપ્તઋષી ઉર્ફે રાજન સુબેદરસિંગ રાજપૂત (25) (રહે. પ્રિયંકાગ્રીન સિટી, કડોદરા, મૂળ રહે. યુપી), સુમિતકુમાર મનોજકુમાર રાય (20) (રહે. કડોદરા), રાજેશ સાલીગ્રામ ઉપાધ્યાય (34) (રહે. કડોદરા)નાઓને ઝડપી પાડી પોલીસે પૂછતાછ શરૂ કરી હતી. આ ત્રણે વ્યક્તિઓએ ભેગા મળી પ્રકાશચંદ્ર ઉર્ફે કાળુ ગોપીલાલજી કલાલની લૂંટના ઈરાદે હત્યા કરી હોવાની કબૂલાત કરતાં પોલીસે ત્રણેની ધરપકડ કરી હતી. અને પોલીસની પૂછતાછતમાં આરોપીને જણાવ્યું હતું કે પ્રકાશની હત્યા બાદ તેની ચેઈન અને સોનાની વીટી અને રોકડ રકમ 4200ની લૂંટ ચલાવી હતી. જે પૈકી સોનાની વીટી અને ચેઈન મહેશ મંજી વાલ્મીકી (20) (રહે. અંજલી સોસાયટી, પુણા ગામ, સુરત)ને આપી હોય પોલીસે તેમની ધરપકડ કરી લૂંટાયેલી સોનાની ચેઈન અને વીટી તેમજ ત્રણ નંગ મોબાઈલ, મોટરસાઈકલ મળી 29000 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### લૂંટાયેલી સોનાની ચેઈન અને વીટી તેમજ ત્રણ નંગ મોબાઈલ, મોટરસાઈકલ કબજે કરાઈ



### ગળુ દબાવવા બાદ પણ શ્વાસ ચાલુ રહેતા ચપ્પુના ઘા ઝીકી દીધા

કાળુ કલાલ શરીરે મજબૂત બાંધાનો હતો. સપ્તઋષીએ ગળુ દબાવવાના પ્રયત્ન કર્યા હતાં. તેમ છતાં કાળુનું મોત ન થતાં સુમીતે પણ કપડા વળે ગળે ટૂંપો આપવાનો પ્રયત્ન કર્યો હતો. આમ છતાં તેનો શ્વાસ ચાલુ રહ્યો હતો. અંતે સપ્તઋષીએ ચપ્પુના ત્રણ ઘા ઝીકી હત્યા કરી નાંખી હતી. રાત્રે 8.00 વાગ્યાના અરસામાં તેઓ ચલથાણથી તાંતીથૈયા જતા રોડ પર આવેલ શિવાંજલી જીઆઈડીસીના ગેટ પાસે કરાળા ડાંભા થઈ નિયોલ પહોંચ્યા હતાં. અને ત્યાં ગાડી મુકીને ભાગી છૂટ્યા હતાં.

### 21મી એ ત્રણેયે કાવતરૂ ઘડ્યું હતું

જિલ્લા પોલીસવડા નિર્લિપ્ત રાયે આ અંગે માહિતી આપતાં જણાવ્યું કે પ્રથમ પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો. હવે પકડાયેલા આરોપીની તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે 21મીના રોજ જ સપ્તઋષીના ઘરે ભેગા થઈને આ ત્રણે હત્યાનું કાવતરુ રચ્યું હતું અને ત્યારબાદ પુરાવા નાશ કરવા માટે મૃતદેહને ગાડી નિયોલ ગામની સીમમાં છોડી આવ્યા હતાં.

### મુખ્ય આરોપી અગાઉ દારૂના ગુનામાં પકડાઈ ચૂક્યો છે

કાળુ કલાલ હત્યા પ્રકરણમાં સંડોવાયેલા માસ્ટરમાઈન્ડ સપ્તઋષી ઉર્ફે રાજન રાજપૂત કડોદરા પોલીસ સ્ટેશનની હદમાં અગાઉ દારૂના ગુનામાં પકડાયો હતો. જોકે, પોલીસની તપાસ ચાલુ છે. તમામ આરોપીના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરાઈ છે.

### કાળુ અને આરોપી બંને જમીન દલાલીનો વ્યવસાય કરતાં હતા

સમગ્ર ગુનાનો માસ્ટર માઈન્ડ સપતઋષી ઉર્ફે રાજન રાજપૂત હોવાનું બહાર આવ્યું છે. સપ્તઋષી અને કાળુ કલાલ નાઓ કડોદરા એક જ સોસાયટીમાં રહેતા હતાં. બંને જમીન દલાલીનો વ્યવસાય કરતાં હતાં. સપ્તઋષીને સવા લાખ રૂપિયા જેટલું દેવુ થઈ જતાં તેને રૂપિયાની જરૂર હતી. સપ્તઋષી ઉર્ફે રાજનને ખબર હતી કે કાળુ ગેસ રિફલિંગ તેમજ જમીન દલાલી અને બિલ્ડિંગનો વહીવટ કરતો હોય તેમની પાસે મોટી રોકડ રકમ હોય છે. બંને પરીચીત હોવાથી અગાઉ કાળુએ સપ્તઋષી પાસે બિયર મંગાવ્યા હતાં. જે પૈકી 10 બિયર સપ્તઋષીએ કાળુને આપી દીધા હતાં અને બાકીના 10 બિયર બાકી હતાં તે લેવા માટે કાવતરા મુજબ સપ્તઋષીએ કાળુને ચલથાણ બોલાવ્યો હતો. બુધવારે સાંજે 5.00 વાગ્યે કાળુ ચલથાણ આવતાં તેમની ગાડીમાં સપ્તઋષી પણ બેસી ગયો હતો અને સુભીત સાથે ભેગા મળીને ગળુ દબાવી હત્યાનો પ્રયત્ન કર્યો હતો. તેમ છતાં કાળુનો શ્વાસ ચાલુ રહેતા આખરે ગળા પર ચપ્પુના ઘા કરી હત્યા કરી નાંખી હતી. અને મૃતદેહ ગાડીમાં પાછલી સીટ પર લઈ નિયોલની સીમમાં ગાડીમાં છોડી ને ત્યાંથી બાઈક પર રાજેશ સાથે ત્રણે પરત આવી ગયા હતાં.

## કોસંબામાં જિલ્લા પોલીસવડાના લોકદરબાર

# કોસંબા પોલીસ સ્ટેશનમાં મહેકમ ફાળવવા માંગણી



ભાસ્કર ન્યૂઝ | કોસંબા

સુરત જિલ્લા પોલીસવડા નિર્લિપ્ત રાયનો લોકદરબાર ટાઉનલ હોલ ખાતે યોજાયો હતો. જેમાં વિભાગના નાયબ પોલીસ અધક્ષિક વાટલીયા સીપીઆઈ રાઠોડ ઉપસ્થિત રહ્યાં હતાં.

લોકદરબારમાં લોકોએ પોલીસવડા સમક્ષ અનેક રજૂઆતો કરી હતી. જિલ્લા પંચાયતના સભ્ય યાસીન દાવજીએ કોસંબા તેમજ આજુબાજુના ગામોમાં પશુપાલકો દ્વારા ખેતરના ઊભા પાકમાં ભેલાણની રજૂઆત કરી હતી. ગામમાંથી થતી મોટરસાઈકલ ચોરીઓ તેમજ મહિલા પર થતાં છેડતી અને અન્ય ગુનામાં પોલીસ તાત્કાલિક અસરથી ફરિયાદ લઈ કાર્યવાહી કરે તેમજ કોસંબા ગામની વચ્ચેથી પસાર થતી રેલવેની હદમાં દારૂ અને જુગારના અડ્ડા વિશે રજૂઆત કરી હતી. જેના અનુસંધાને જિલ્લા પોલીસવડાએ પોલીસને રેલવેની હદમાં જિલ્લા પોલીસ કાર્યવાહી ન કરી શકે. પરંતુ રેલવેની હદમાંથી બહાર નીકળતા પીધેલાનો રનિંગ કેસ કરવાની સૂચના આપી હતી. તેમજ આ અંગે રેલવેના અધિકારીને લેખિતમાં રજૂઆત કરવાની ખાત્રી આપી હતી. આ ઉપરાંત ગામના આગેવાનોએ ખોટા દસ્તાવેજના આધારે થતાં બોગસ દસ્તાવેજો અને જમીનના કબજા જેવી ગંભીર ઘટનાઓ વધી રહી હોય પોલીસ આ બાબતમાં તુરંત એક્સન લઈ ભોગબનનારને રજૂઆત કરે તેવી રજૂઆત ઉપર પોલીસવડાએ જમીન કેસો સંદર્ભે સરકારે સ્પેશીય એસઆઈટી બનાવી હોય તે એસઆઈટીમાં પણ ભોગબનનાર ફરિયાદ કરી શકે અને પોલીસ પુરતો સહકાર આપશે. પાલોદ વિસ્તારમાંથી આવેલ સખી મંડળની મહિલાઓએ પોતાના ગામમાં દારૂ અમે લોકોએ બંધ કરાવ્યો હોય પરંતુ આજુબાજુના વિસ્તારમાં દારૂનું વેચાણ ચાલતું હોય જે બંધ કરાવવા પોલીસ પણ સહકાર આપે અને મહિલાઓ જ્યારે દારૂ બંધી માટે રેડ કરવા નીકળતી હોય ત્યારે પોલીસ સાથે રહે તેવી માંગણી કરી હતી. તેના અનુસંધાનમાં પોલીસવડાએ મહિલાને કાયદો હાથમાં ન લેવા જણાવી બુટલેગરો ઉપર કાર્યવાહી કરવાનો અધિકાર માત્ર પોલીસનો હોય મહિલાઓ કાર્યવાહી ન કરે અને તેની બાતમી પોલીસને આપે અને પોલીસની કાર્યવાહીમાં સાથ સહકાર આપે તેવી સૂચના આપી હતી. આ ઉપરાંત કોસંબા પોલીસમાં ક્રાઈમ રેટ વધુ માટે પોલીસ સ્ટેશનનો સ્ટાફ વધારી તેને પોલીસ ઈન્સ્પેક્ટર કક્ષાનું પોલીસ સ્ટેશન બનાવવા રજૂઆત કરાઈ હતી.

# કરચેલીયાના જ્વેલર્સ સાથે ઠગાઈમાં વધુ એક આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | મહુવા

કરચેલિયા ચામુંડા જ્વેલર્સની દુકાનમાં તાબા ઉપર સોનાનું કોટિંગ કરેલા દાગીના ગીરવે મુકી 3 લાખ લઈ છૂટ થઈ જવાના પ્રકરણમાં એક ઈસમની ધરપકડ બાદ મહુવા પોલીસે વધુ એક યુવાનને ઝડપી પાડી કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર મહુવા તાલુકાના કરચેલિયા ગામે આવેલ ચામુંડા જ્વેર્સના શૈલેશભાઈ બાબુલાલ સોની સોનાના દાગીના ગીરવે મુકી રૂપિયા આપે છે. 1 મેથી 16 સપ્ટેમ્બર સુધી ચાર ઈસમોએ એક બીજાની મદદગારીથી તાંબા ઉપર સોનાનું કોટિટંગ કરેલા દાગીના ગીરવે મુકી 3 લાખ લઈ ગયા હતાં. ત્યાબાદ 16 સપ્ટેમ્બરના રોજ વ્યારાનો સંતોષ રામ રતન કુશ્વાહ દાગીના ગીરવે મુકી રૂપિયા લેવા આવતાં ત્વરિત સોનીએ દાગીનાની તપાસ કરી મહુવા પોલીસે જાણ કરી હતી. અને પોલીસે સંતોષને દબોચી લઈ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોસઈ પી. બી. પટેલિયાએ આદરી હતી. અન પોલીસ તપાસ દરમિયાન બીજા એક આરોપી સાશીષ સંતોષ પરદેશીને ઝડપી પાડ્યો હતો. અને શનિવારના રોજ મહુવા કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગતા કોર્ટે સોમવાર સુધીના રિમાન્ડ આપતાં પોલીસે આગળની તપાસ હાથ ધરી છે

**મુદા નંબર (૨) શાળા/કોલેજમાં ચર્ચા/ડીબેટ, અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યા હોય.**

**જીવનઆસ્થા ની કામગીરી**

19-09-2016 to 25-09-2016 call Summary

| Call Grade | Category | Number of Calls | |
|---|---|---|---|
| **0** | **Miss Calls** | 24 | 55 |
| | **Drop calls** | 16 | |
| | **Wrong Calls** | 15 | |
| **1** | **Information Calls** | 61 | |
| **2** | **Receive Calls** | 72 | |
| **3** | **Follow up Calls** | 34 | |
| Total Calls | | 222 | |

| **Category** | **Number of Calls** |
|---|---|
| Male | 79 |
| Female | 83 |
| **Student** | 60 |
| | |
| Total Call | 222 |

**મુદા નંબર (૩) ટ્રાફીક અંગેના કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ હોય.**

- ટ્રાફીક જનજાગૃતિ અંગે નેશનલ હાઇવે તેમજ અન્ય રસ્તાઓ ઉપર જુદા જુદા પ્રકારના સાઇન બોર્ડ લગાડવામાં આવેલ છે.
- ટ્રાફીકના એજ્યુકેશન બોર્ડની પબ્લીક ના સહયોગ દ્વારા ખુબજ ટુંકા ગાળામાં શરૂઆત કરવામાં આવનાર છે.

**મુદા નંબર (૪) ગુનાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટેજી અપનાવવામાં આવેલ છે.**

- નેશનલ હાઇવે નંબર ૮ ઉપર નાઇટ રાઉન્ડ દરમ્યાન સેકટરવાઇઝ ક્રોસ પેટ્રોલીંગ રાખેલ રાખવામાં આવે છે. હોટલો, ઢાબા, તેમજ વાહનોનું ચેકીંગ સઘન બનાવવામાં આવેલ છે.
- વારંવાર કોમ્બીંગ નાઇટ રાખી શક પડતા ઇસમો, એમ.સી.આર.ઇસમો, અવાવરુ જગ્યા, રેલવે સ્ટેશન, હોટલ ધાબા, વાહન ચેકીંગ તેમજ નાકાબંધી રાખવામાં આવે છે.
- એસ.ઓ.જી.અને BDDS ની ટીમ અને આધુનિક ઉપકરણો દ્વારા જાહેર સ્થળો, વાયટલ ઇન્સ્ટોલેશન, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ, જાહેર પાર્કિંગ સ્થળો, ભીડ વાળી જગ્યાઓ, મંદીર, વિગેરે સ્થળો ઉપર અવારનવાર સઘન ચેકીંગ કરવામાં આવે છે.